## માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 2(1)

**Corporator Name:** ANJANABEN ALPESHBHAI MORAZARIA - Corporator : Ward 01

**Question Subject:** આંગણવાડીનો લાભ વધુને વધુ બાળકો લે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શી કાર્યવાહી કરવામાં આવે છે

**Department:** I.C.D.S.

**Ward:** OTHER

**Employee:** SDESAI-SHARDABEN DESAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:**

1) આરોગ્ય વિભાગના ટેકો મુજબ લાભાર્થી મેળવી, લાભાર્થી વધારવામાં આવે છે.
2) સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ વિવિધ ઉજવણી જેવીકે પોષણ માસ (સપ્ટેમબર માસ) પોષણ પખવાડીયું(માર્ચ-એપ્રિલ) ,પોષણ ઉત્સવ(ઓગષ્ટ-સપ્ટેમ્બર), સુ-પોષણ દિન ( પ્રથમ મગળવાર) , બાળા-તુલા દિન (બીજો મગળવાર) . બાળ દિન અને અન્નપ્રશાન દિન (ત્રીજો મગળવાર) , પૂર્ણા દિન અને અન્ન વિતરણ (ચોથો મગળવાર) કરી  લાભાર્થી વધારવામાં આવે છે.
3) મમતાદિવસની ઉજવણી  આગણવાડીમાં કરવામાં આવે છે ત્યારે પણ  લાભાર્થીની નોધણી કરવામાં આવે છે.
4) સોસીયલ મીડીયા દ્વારા ( ફેસબુક,ઈન્સ્ટાગ્રામ,એકસ,ન્યૂઝ પેપર, આર.એમ.સી. LED સ્ક્રીન ) આઈ.સી.ડી.એસ. સ્કીમ નો પ્રચાર-પ્રસાર કરી લાભાર્થી વધારવામાં આવે છે.
5) દરેક આગણાવાડી કેન્દ્રમાં વાલીઓના વોટસ એપ ગ્રૂપ બનાવી તેના દ્વારા પણ વાલીઓની વધુ નોધણી બાબતે પહેલ કરવામાં આવેલ છે.
6) વંચીત વિસ્તારમાં વાલી મીટીંગ કરી લાભાર્થી વધારવામાં આવે છે.

SHARDABEN DESAI

\- 14-09-2026 05:30 PM

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 2(2)

**Corporator Name:** ANJANABEN ALPESHBHAI MORAZARIA - Corporator : Ward 01

**Question Subject:** આરોગ્ય કેન્દ્રમાં ધાત્રી માતાઓની રોગોની દવા, ઈન્જેક્શન સહિત કઈ-કઈ સુવિધાઓ આપવામાં આવે છે. જે સુવિધાઓનો લાભ દર મહિને કેટલી બહેનો લે છે?

**Department:** HEALTH BRANCH

**Ward:** OTHER

**Employee:** E5005-DR JAYESHKUMAR LABHUBHAI VAKANI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** તમામ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તાર અંતર્ગત દર મહીને અંદાજીત ૩૫૦૦ આસપાસ ધાત્રી માતાઓને સેવાઓ આપવામાં આવે છે. ધાત્રી માતાઓ (સુવાવડી માતાઓ) ને મમતા કાર્ડ હેઠળ મળતી મુખ્ય સેવાઓ:

- ગૃહ મુલાકાત (PNC Visits): પ્રસુતિ બાSદ પ્રથમ ૪૨ દિવસમાં આરોગ્ય કાર્યકર (ANM/આશા) દ્વારા ઘરે જઈને માતા અને બાળકની નિયમિત તપાસ (કુલ ૬ થી ૭ મુલાકાત).
- માતાની આરોગ્ય તપાસ: લોહીનું દબાણ (BP), તાવ, ટાંકા કે રક્તસ્રાવ (Bleeding) ની વિગતવાર તપાસ.
- પોષણ અને દવાઓ: લોહીની ઊણપ અટકાવવા પ્રસુતિ પછી ૧૮૦ દિવસ સુધી આયર્ન-ફોલિક એસિડ (IFA) અને કેલ્શિયમની ગોળીઓનું વિતરણ.
- સ્તનપાન અંગે માર્ગદર્શન: જન્મના ૧ કલાકની અંદર ધાવણ શરૂ કરાવવું અને પ્રથમ ૬ મહિના સુધી 'કેવળ સ્તનપાન' (Exclusive Breastfeeding) કરાવવાની યોગ્ય પદ્ધતિઓની સમજ.
- વિટામિન-એ ની માત્રા: પ્રસુતિ બાદ માતાને અંધાપો અને ચેપથી બચાવવા માટે વિટામિન-એ નો પ્રથમ ડોઝ (૨ લાખ IU).
- કુટુંબ નિયોજન (Family Planning): બે બાળકો વચ્ચે યોગ્ય અંતર રાખવા માટે અંતરા, છાયા, PPIUCD કે કાયમી પદ્ધતિઓ અંગે કાઉન્સેલિંગ અને સેવાઓ.
- નાણાકીય સહાય: સંસ્થાકીય પ્રસુતિ પૂરી કર્યા બાદ જનની સુરક્ષા યોજના (JSY), નમોશ્રી યોજના અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો લાયકાત મુજબ લાભ.

DR JAYESHKUMAR LABHUBHAI VAKANI
HEALTH BRANCH - MEDICAL OFFICER OF HEALTH 14-09-2026 01:36 PM

**General Board Date:** 19-09-2026

**Question No:** 2(3)

**Corporator Name:** ANJANABEN ALPESHBHAI MORAZARIA - Corporator : Ward 01

**Question Subject:** આરોગ્ય કેન્દ્રમાં સગર્ભા બહેનોને રોગો સામે દવા, ઈન્જેક્શન વિગેરે કઈ-કઈ સુવિધાઓ આપવામાં આવે છે. જે સુવિધાનો લાભ દર મહિને કેટલાં બહેનોને મળે છે.

**Department:** HEALTH BRANCH

**Ward:** OTHER

**Employee:** E5005-DR JAYESHKUMAR LABHUBHAI VAKANI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** તમામ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તાર અંતર્ગત દર મહીને અંદાજીત ૩૪૦૦ આસપાસ સગર્ભા માતાઓને સેવાઓ આપવામાં આવે છે. સગર્ભા માતાઓને મમતા કાર્ડ હેઠળ મળતી મુખ્ય સેવાઓ:

- વહેલી નોંધણી: ગર્ભાવસ્થાના પ્રથમ ૩ મહિનામાં મમતા કાર્ડમાં નોંધણી.
- નિયમિત આરોગ્ય તપાસ: ઓછામાં ઓછી ૪ વખત તબીબી તપાસ (વજન, BP, લોહી અને પેશાબની તપાસ).
- રસીકરણ: ટીડી (Td) રસીના ૨ ડોઝ (અથવા બૂસ્ટર ડોઝ).
- પોષણ અને દવાઓ: લોહીની ટકાવારી જાળવવા આયર્ન-ફોલિક એસિડ (IFA) અને કેલ્શિયમની ગોળીઓ.
- હાઈ-રિસ્ક ઓળખ: જોખમી સગર્ભાવસ્થાની સમયસર ઓળખ અને નિષ્ણાત ડોક્ટર પાસે રીફર.
- સુરક્ષિત પ્રસુતિનું આયોજન: હોસ્પિટલ (સંસ્થાકીય) પ્રસુતિ માટે માર્ગદર્શન અને વાહન સુવિધા (૧૦૮/૧૦૨) ની માહિતી.
- સરકારી યોજનાના લાભ: પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) અને કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ નાણાકીય સહાય માટે નોંધણી.

DR JAYESHKUMAR LABHUBHAI VAKANI
HEALTH BRANCH - MEDICAL OFFICER OF HEALTH
14-09-2026 01:36 PM